ગાંધીનગર સમાચાર
તા. ૫-૯-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ‘ગુરૂ-ઉત્સવ’ નિમિત્તે આત્મચિંતન જરૂરી

કેન્દ્રીય માનવસંસાધન મંત્રીએ ‘શિક્ષણ દિવસ’ તરીકે પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસે થતી ઉજવણીને ‘ગુરૂ ઉત્સવ’ તરીકે ઊજવવાની ભલામણ કરી હોય અને આ શુભ દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના વિદ્યાર્થીઓને સંબોધવા માગતા હોય તો એમાં પ્રજાને ભાગ્યે જ કોઇ વાંધો હોઇ શકે. હકીકતમાં આ દિવસ ધાર્મિક ગુરૂઓ માટે નહીં પરંતુ સંનિષ્ઠ વિદ્યાગુરૂઓ કે.જી.થી લઇ કૉલેજ સુધીના શિક્ષકોની વંદના કરવા માટેનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની શાસનધુરા સંભાળતાવેંત વડનગરની બી.એન. હાઈસ્કૂલના તત્કાલીન આચાર્ય રાસબિહારી મણિયાર અને કાન્તિ રામી સહિતના એમના વિદ્યાગુરૂઓની વંદના કરવા માટે અમદાવાદની ગુજરાત કૉલેજ ખાતે ભવ્ય અને લાગણીસભર કાર્યક્રમ યોજેલો. શિક્ષક એ સમાજની કરોડરજ્જુ છે, એટલે એનું જેટલું સન્માન જળવાય તેટલું ઓછું જ ગણાવું જોઈએ. જૂના જમાનામાં ગુરૂકુળ પરંપરા હતી અને ખુદ ભગવાન કૃષ્ણ પણ સાંદીપનિના ગુરૂકુળમાં શિક્ષિત-દિક્ષિત થયા હતા. સીતાએ વનવાસ દરમિયાન એનાં બેઉ સંતાનોને વાલ્મિકી જેવા મહર્ષિના આશ્રમમાં મોટા કર્યા હતા. કાળક્રમે શિક્ષણ પદ્ધતિ બદલાતી ચાલી. શિક્ષણ અને ધર્મ વચ્ચે પણ મોટી ખાઇ સર્જાઇ. રાષ્ટ્રીય સ્વયસેવક સંઘ અને દેશના ધર્માચાર્યો ફરીથી એ જૂની ગુરૂકુળ પરંપરાને જીવંત કરવા મથતા હોય પરંતુ ગ્લોબલાઈઝેશનના જમાનામાં એ શકય નથી રહ્યું. શિક્ષકો પણ પૂર્ણપણે પ્રોફેશનલ બલકે કમર્શિયલ અભિગમ ધરાવતા થઈ ગયા છે અને વિદ્યાર્થીઓને તથા એમના વાલીઓને યેનકેન પ્રકારેલ રિઝલ્ટ જોઈએ છે. શૈક્ષણિક કારકિર્દીની આ ઉંદર દોડમાં ટ્યૂશન કલાસીસ અને સેલ્ફ ફાઈનાન્સ શૈક્ષણિક સંસ્થાઓ બિલાડીના ટોપની માફક અત્ર-તત્ર-સર્વત્ર ફુટી નીકળી છે. તેવા સમયે સારા અને સાચા - સો ટચના શિક્ષકને શોધી કાઢી એનું સન્માન થાય તે જરૂરી પણ છે. વળી વિદ્યાર્થીઓ જાતે જ શિક્ષક બની આ દિવસે વિદ્યાર્થીદિન ઊજવે અને એમની શાળાનું સંચાલન કરે તે ઉપક્રમ પણ આવકારવાલાયક જ ગણાય. પ્રશ્ન શિક્ષકને એના ગુમાવેલા ગુરૂપદની ઊંચાઈએ પહોંચાડવાનો છે અને તે વર્તમાન યુગમાં અશક્યવત્ બાબત છે. એવું નથી કે આજે વિદ્યાને સમર્પિત શુદ્ધ આચરણવાળા શિક્ષકો મળે જ નહીં. નજીકના ભૂતકાળમાં ગુજરાતને વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, એસ.આર. ભટ્ટ, ઉમાશંકર જોશી, યશવંત શુક્લ અને ડોલરરાય માંકડ કે પ્ર.ચુ. વૈદ્ય જેવા શિક્ષકો મળેલા છે. એમનો વિદ્યાવારદો આજે એમના કેટલાય શિષ્યોમાં પણ સચવાયેલો છે. પરંતુ સમય બદલાતાં શિક્ષણનું જે હદે વ્યાપારીકરણ થતું ચાલ્યુ છે તે ઘણી ચિંતાજનક બાબત છે. સરકારે શિક્ષણની જવાબદારી સમાજ પર ઢોળી દઈ એ પવિત્ર ફરજમાંથી છટકવાની વ્યૂહરચના અપનાવી ત્યારથી આ ક્ષેત્રમાં માફિયા તત્ત્વોનો પગપેસરો શરૂ થઈ ગયો છે, સરકાર શિક્ષકોને બાંધ્યા પગારે રાખીને એમનું શોષણ કરતી રહે છે. એક તરફ નિષ્ઠાપૂર્વક વિદ્યાપ્રવૃત્તિ ચલાવતી પરંપરાગત સંસ્થાઓ છે, બીજી તરફ અદ્યતન સુવિધાઓ ધરાવતી વેપારી પેઢીઓ જેવી પ્રોફેશનલ ઈન્સ્ટીટયુટોનો રાફડો ફાટ્યો છે. ગરીબ વિદ્યાર્થીની તકો છીનવાઈ રહી છે. એક સમયે એવો પણ આવી શકે જયારે અંતરિયાળ ગ્રામીણ પ્રદેશના અકિંચન વિદ્યાર્થી માટે શિક્ષણ સંસ્થાનાં પગથિયા ચડવાનું મુશ્કેલ બની જાય. આથી જે નવા એકલવ્યો પૈદા થશે તે પેલા મહાભારત કાળનાં એકલવ્યની જેમ દ્રોણ ગુરૂને ગુરૂદક્ષિણામાં જમણા હાથનો અંગૂઠો નહીં કાપી આપે. એ બધા ભેગા મળીને એવા શિક્ષકોને અંગૂઠો બતાવશે અને કદાચ એમના અંગૂઠા કાપી લેશે. આવો વર્ગવિગ્રહ સરજાય તે પહેલાં જાગવાની જરૂર છે. શિક્ષણ ક્ષેત્રને અભડાવતાં તત્ત્વોને વેળાસર ઓળખી લેવાની જરૂર છે.



ભુવનેશ્વર મહાદેવ ખાતે સ્થાપિત ગણેશ ભગવાનનાં દર્શનાર્થે રંગોલી ચિલ્ડ્રન સ્કુલના નાના બાળકોને લાવવામાં આવ્યા હતા. ‘ગણપતિ બાપ્પા મોરીયા’ થી આ નાના ભૂલકાંઓએ વાતાવરણને ગજવી મુકયું હતું. અત્યારથી જ આધ્યાત્મિકતાનાં પાઠ શિખવાડવામાં આવે તે ખરેખર પ્રશંસનીય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...



હું આજના શિક્ષક દીન નિમિત્તે એટલું જ કહીશ... શિક્ષક તરીકેની કેરીયર ચાલુ કરી ત્યારે જેવો હતો તેવો જ છું અને મારા વિદ્યાર્થીઓ ક્યાંના કયાં પહોંચી ગયા છે !!

### લોકમિપાલની યોજના : ગાંધીજીના પુસ્તકો ઘટાડેલા દરે અપાશે

ગાંધીજીના દશ પુસ્તકો ઘટાડેલા દરે આપવાની લોક મિલાપની યોજના છે. આરોગ્યની ચાવી, ગાંધીજીનું જીવન એમના જ શબ્દોમાં, ગીતાબોધ, ચારિત્ર અને રાષ્ટ્રનિર્માણ, નીતિધર્મ અથવા ધર્મનીતિ, મંગળપ્રભાત, સત્ય એ જ ઈશ્વર છે, સર્વોદય, સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, હિંદ સ્વરાજ-૭૨૮ પાનાના આ દસ પુસ્તકોની છાપેલ કિંમત રૂ. ૧૩૫ થાય છે પરંતુ ૩૧ ઓકટોબર સુધી ફકત રૂ. ૧૦૦માં મળશે. ઘરે બેઠા મેળવવા માટે રજીસ્ટર ટપાલના રૂ. ૩૦ ઉમેરીને રૂ. ૧૩૦ મનીઓર્ડરથી અથવા લોકમિલાપ નામના એટ પાર ચેકથી મોકલવાના રહેશે. તે માટે સરનામું છે લોકમિલાપ, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧, ફોન (૦૨૭૮) ૨૫૬૬૪૦૨

# દક્ષિણ વિભાગ વોલીબોલ સ્પર્ધામાં સે-૮ સમર્પણ કોલેજ રનર્સ અપ

ગાંધીનગર, તા.૪

સેકટર-૮માં આવેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ વોલીબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધા બાલાસિનોર ખાતે યોજવામાં આવી હતી. જેમાં સમર્પણ આર્ટસ કોલેજ સે-૮ એ રનર્સ અપ રહી બીજું સ્થાન મેળવ્યું હતું.

તાજેતરમાં બાલાસિનોર ખાતે દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટીની વોલીબોલ સ્પર્ધા યોજવામાં આવી હતી.સ્પર્ધામાં દક્ષિણ વિભાગ કોલેજની ૨૫ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલમાં સેકટર-૮ સમર્પણ આર્ટસ કોલેજની ટીમે રનર્સ અપ રહી બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ત્યારે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સિલેકશન માટે કોલેજના ૩ વિદ્યાર્થી પસંદગી પામ્યા છે. જેમાં કેપ્ટન પરિક્ષિત મલાવત, નિશાનસિંહ ચૌહાણ અને મૌલિક પ્રજાપતિની શ્રેષ્ઠ



પ્રદર્શન બદલ પસંદગી કરવામાં આવી છે. કોલેજના વિદ્યાર્થીઓને આ સિધ્ધિ બદલ કેમ્પસ ડાયરેકટર ડૉ. કિશોરસિંહ સોલંકી, આચાર્યા ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટે અભિનંદન પાઠવ્યા છે તેમજ વિદ્યાર્થીઓને તૈયાર કરનાર પ્રો. મહેન્દ્રભાઈ મોડિયાએ પણ કામગીરીની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા છે. આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં ગુજરાતનું ગૌરવ વધારે તેવા આશીર્વાદ પાઠવ્યા છે.

# ચૌધરી કોલેજમાં સ્વ બચાવ અંગેની તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૪

શહેરમાં છેડતીના કિસ્સા વધી રહ્યા છે અને મહિલાઓને અસુરક્ષિતનો અનુભવ થાય છે. મહિલાઓ, છોકરીઓ, વિદ્યાર્થીનીઓ પોતાનું રક્ષણ કરી કે તે માટે સેક્ટર-૭ મહિલા આર્ટસ કોલેજમાં સ્વ-રક્ષણ તાલીમ શિબિર અને વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમનો શુભારંભ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ. મીની જોસેફ દ્વારા કરવામાં આવ્યો હતો. મીની જોસેફે ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને સ્વ-રક્ષણ વિશે માહિતી અને સ્વ-રક્ષણમાં મદદરૂપ થતા સાધનોની માહિતી આપી હતી અને જો કોઈપણ જગ્યાએ અસુરક્ષિત લાગે તો મહિલા હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. પ્રજ્ઞેશભાઈ મેસરિયાએ પણ સ્વ-બચાવ વિશેની માહિતી આપી હતી. કાર્યક્રમમાં ડો. લીના સ્વાદિયા, પ્રા. વિનુભાઈ ચૌધરી, કુ. પૌલમી ચૌધરી, કુ. હેતલ ચૌધરી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

# કાવ્યરચના સ્પર્ધા યોજાઈ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકશન સેકટર-૨૩ ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યના વિવિધ સ્વરુપોમાંથી કાવ્યના વિવિધ પ્રકારો વિશે લેખનકાર્ય કરતા શીખે તે હેતુથી આજ રોજ કાવ્યરચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ



શાળા કોલેજોમાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ કર્યું હતું અને શ્રીમતી માયાબેન પટેલે સહયોગ આપ્યો હતો.

### આદર્શ નિવાસી શાળા નાંદોલનું વિવિધ પ્રવૃત્તિમાં ગૌરવ

નાંદોલ, તા.૪

જિલ્લા કક્ષાની ગ્રામ્ય વિસ્તારની અન્ડર-૧૭ ભાઈઓની કુસ્તીની સ્પર્ધામાં કેતનસિંહ ઠાકોર પ્રથમ, અર્જુનભાઈ ચૌહાણ, દિનેશ વસાણી, અરજણ ધિયડ, સાંબડ રામસી તમામ જુદા જુદા વેઈટ ગ્રુપના દ્વિતિય ક્રમે વિજેતા બનેલ છે અને શાળાનું ગૌરવ વધારેલ છે. જિલ્લા કક્ષાની ૧૭ વર્ષના ભાઈઓની કબડ્ડીમાં દિનેશ વસાણી જિલ્લાની ટીમમાં પસંદગી પામેલ છે. જે આગામી રાજયકક્ષામાં ભાગ લેશે. આચાર્યશ્રી બી.એલ. બારૈયાએ અભિનંદન પાઠવ્યા હતા.

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી મલાઈકા ગોયેલ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
➜ **શૂટીંગ**
૨. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી ગણેશ માલીએ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
➜ **વેઇટ લિફ્ટિંગ**
૩. ૨૦૧૪માં કયા ખેલાડીને ‘એમ્બેસેડર ઓફ ગુલવિલ પુરસ્કાર’ આપી સન્માનિત કરવામાં આવ્યો હતો ?
➜ **સાઇના નહેવાલ**
૪. ચીની સરકાર દ્વારા તિબ્બેટ ખાતે તૈયાર કરવામાં આવી રહેલ વિશ્વનાં સૌથી ઊંચા હવાઇ મથક દરિયાઇ સપાટીથી કેટલા મીટર ઊંચાઇ ધરાવે છે ?
➜ **૪,૪૧૧ મીટર**
૫. ૨૦૧૩માં ભારત અને ચીન વચ્ચે નવી દિલ્હી ખાતે કેટલામી વ્યૂહાત્મક મંત્રણા બેઠક યોજાઇ હતી ?
➜ **પાંચમી**
૬. વર્ષ ૨૦૧૩માં આયોજિત આસિયાન દેશના સંરક્ષણ મંત્રીઓની દ્વિતીય બેઠક કયાં યોજાઇ હતી ?
➜ **બ્રુનેઇ**
૭. ઝિમ્બાબ્વેના રાષ્ટ્ર પ્રમુખ રોબર્ટ મુગાબેનો ૨૦૧૩ની સંસદીય ચૂંટણીમાં વિજય થતાં તેઓ કેટલામાં કાર્યકાળ માટે રાષ્ટ્રપ્રમુખ તરીકે નિયુક્ત થયા છે ?
➜ **૭માં કાર્યકાળ**
૮. ૨૦૧૩માં વર્લ્ડ એન્ટિ ડોપિંગ એજન્સી (વાડા) ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ?
➜ **ક્રેગ રીડી**
૯. ૨૦૧૩માં વર્લ્ડ એન્ટિ ડોપિંગ એજન્સી (વાડા)ના અધ્યક્ષ ક્રેગ રીડીએ કોના અનુગામી બન્યા છે ?
➜ **જહોન હાફે**
૧૦. ૨૦૧૩માં વર્લ્ડ એન્ટિ ડોપિંગ એજન્સી (વાડા)ના અધ્યક્ષપદે નિમણૂંક પામનાર ક્રેગ રીડી વાડાનાં કેટલામાં અધ્યક્ષ છે ?
➜ **ત્રીજા**
૧૧. ૨૦૧૩માં ઈરાન અને પાકિસ્તાનની સરહદે કેટલી તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો ?
➜ **૭.૮ તીવ્રતા**
૧૨. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ફુટબોલ મહાસંઘના કાર્યકારી સમિતિના અધ્યક્ષ તરીકે કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી હતી ?
➜ **સુનિલ ગુલાટી**
૧૩. ૨૦૧૩માં વિશ્વની સૌથી ઊંચી ‘પોપ’ની પ્રતિમાનું અનાવરણ કયા દેશમાં કરવામાં આવ્યું છે ?
➜ **પોલેન્ડ**
૧૪. ૨૦૧૩ હાવર્ડ યુનિવર્સિટીનો જહોન બેટ્સ કલાર્ક મેડલ ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીને એનાયત કરાયો હતો ?
➜ **રાજ ચેટ્ટી (અર્થશાસ્ત્રી)**
૧૫. ૨૦૧૩ જાહેર થયેલા જહોન બેટસ કલાર્ક મેડલ એવોર્ડ બીજા કયા નામે ઓળખાય છે ?
➜ **બેબી નોબેલ**
૧૬. ૨૦૧૩માં પુલિત્ઝર પુરસ્કાર મેળવનાર ઉત્તર કોરિયાના લેખક ‘એડમ જોનસન’ ને તેની કઇ નવલકથાને લઇ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **નવલકથા : ધ ઓફધન માસ્ટર્સ સન**
૧૭. ૨૦૧૩માં બાફટા એવોર્ડથી કયા મહાનુભાવને સન્માનિત કરવામાં આવ્યા હતા ?
➜ **બ્રિટનના રાણી એલિઝાબેથ દ્વિતીય**
૧૮. ૨૦૧૩માં દક્ષિણ કોરિયામાં યોજાયેલ વર્લ્ડ શુટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર મહિલા શૂટર કોણ છે ?
➜ **રાહી સરનોબત**
૧૯. ૨૦૧૩ જૂન માસમાં સાર્ક દેશોના મુખ્ય ન્યાયમૂર્તિઓની નવમી બેઠક કયા યોજાઇ હતી ?
➜ **ભૂતાનની રાજધાની થિમ્પુમાં**
૨૦. ૨૦૧૩માં નેધરલેન્ડના રાજા તરીકે કોની તાજપોશી કરાઇ છે ?
➜ **વિલિયમ એલેકઝાન્ડર**

# વિદુષિ લેખિકા, તંત્રી, સંપાદક, સમાજ સેવિકા, માજી ધારાસભ્ય ડો. ચંદ્રાબેન શ્રીમાળી

### મેઘાવી નારી-પ્રતિભા

- જગદીશ બિનીવાલે

મન હોય તો માળવે જવાય ! કોઈ વ્યક્તિ ગમે તેટલી વિકટ અને ગંભીર પરિસ્થિતિમાં યે સંઘર્ષ ખેડતા મુશ્કેલીઓનો નિડરતાથી લડત આપી, સહેજે ડગ્યા વિના સામનો કરતી રહે-તો, તેને સફળતા મળે છે જ. અને એ વ્યક્તિ વિકટ પરિસ્થિતિમાંથી પાર ઉતરીને સુખી જીવનનો અનુભવ કરતી થઈ જાય છે. સફળતા, પ્રગતિ અને વિકાસ... તે વ્યક્તિના પગ ચુમતા થઈ જાય છે.

અને... એનું... ઉત્તમ ઉદાહરણ એટલે આજે, ગાંધીનગર ખાતે વસતાં ૬૪ વર્ષીય સુવિખ્યાત લેખિકા, વાર્તાકાર, પત્રકાર, તંત્રી, સંપાદિકા, સામાજિક કાર્યકર અને માજી ધારાસભ્ય ડૉ. ચન્દ્રાબહેન શ્રીમાળી ‘ચાહના’.

સમય અને સંજોગોએ તેમના વ્યક્તિત્વ અને જીવનને જડમૂળથી બદલી નાખી છે. વિકટ પરિસ્થિતિનો સામનો કરવામાં તેમનામાં રહેલી ‘સ્ત્રીશક્તિ’નો નવસંચાર થયો. અને ડૉ. ચંદ્રાબહેન શ્રીમાળીએ જે કંઈ કરી બતાવ્યું... તેના કારણે તો તેઓ મહિલાજગતના એક ‘પ્રેરણા જ્યોત’ બની ગયા. વિશ્વમાં ખુબ જ ઓછી મહિલાઓ વિકટ પરિસ્થિતિનો સામનો કરતાં તળેટી પરથી શિખરે પહોંચી છે. શૂન્યમાંથી જેમણે સૃષ્ટિનું સર્જન કર્યું છે.

‘ઑલ ઈન વન’ જેવા ચંદ્રાબહેન શ્રીમાળીએ વિપુલ પ્રમાણમાં લેખન કર્યું છે. ૧૯૯૩ થી ૨૦૧૪ સુધીમાં તેમના લગભગ ૧૪ જેટલા પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચુક્યા છે, જેમાં બે અંગ્રેજી પુસ્તકો (૧) **Small Berres and other Stories** (અનુવાદક : હિંમતસિંહ વાઘેલા) અને (૨) **Gujrati Dalit Short Stories** (અનુવાદક : અતુલકુમાર પરમાર) નો સમાવેશ થાય છે.

હિંમતસિંહ વાઘેલાએ જ્યારે ચંદ્રાબહેનની ટૂંકી વાર્તાઓનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો ત્યારે એ વિદ્વાન સાહિત્યિકે પોતાની પ્રસ્તાવનામાં ચંદ્રાબહેન વિશે એક સરસ વાક્ય લખ્યું છે : **‘chandra in my eyes,’**

ચંદ્રાબહેન શ્રીમાળીએ જ્યારે એક સાપ્તાહિક શરૂ કરવા વિચાર્યુ, ત્યારે ઉત્તરપ્રદેશના તેમના એક સાહિત્યકાર મિત્રે તેમને ‘ચાહના’ નામનું સૂચન કર્યું અને ચંદ્રાબહેનને આ નામ ખુબ જ ગમી ગયું. તેમણે તુરત જ એ નામનો એટલી હદે સ્વીકાર કર્યો કે ‘પોતાનું ઉપનામ પણ ‘ચાહના’ રાખ્યું, ગાંધીનગરમાં પોતાના બંગલાનું નામ પણ ‘ચાહના’ રાખ્યું હતું !’ ‘ચાહના’ સાપ્તાહિક તેમણે ૧૦ વર્ષ સુધી ચલાવ્યું. આ સાપ્તાહિકના તંત્રી-સંપાદક તેઓ જ હતા. ૧૯૯૩ માં જાણીતા ગઝલકાર શ્રી મનિષ પરમારની ગઝલનો સંગ્રહ ‘ગોરંભો’નું સંપાદન તેમણે કર્યુ હતું. વિરમાયા તાલુકાના છનીયાર ગામના વતની ભૂદરભાઈ શ્રીમાળી અને લક્ષ્મીબેન શ્રીમાળીના ઘેર અમદાવાદમાં ૧૯૫૦ માં ત્રીજી ઓગસ્ટના રોજ ચંદ્રાબહેનનો જન્મ થયો હતો. પરિવારમાં અન્ય આઠ ભાઈ-બહેનો હતા. કાંકરિયા વિસ્તારમાં વિજયનગરમાં તેમનો ઉછેર થયો. બાળપણ વિત્યુ. ૧૯૬૬ માં દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળામાં ૧૦માં ધોરણમાં આવ્યા, ત્યાં તો ખેરાળુના વતની, સમવયસ્ક સુરેશભાઈ શ્રીમાળી સાથે તેમના લગ્ન થઈ ગયા ! સાસરે વળાવતા પૂર્વેના બે વર્ષમાં ચંદ્રાબહેને ૧૦માં ધોરણનો અભ્યાસ પુરો કર્યો. પછી સીએન ફાઈનઆર્ટસ કોલેજમાંથી ‘ડીટીસી’ - ડ્રોઈંગ ટીચર્સ કોર્સ પુરો કર્યો. ત્યારબાદ તેઓ સાસરે આવ્યા. સસરા મિલમાં નોકરી કરતા હોવાથી ચાલીમાં રહેતા હતા. એક નાનકડી રૂમમાં સાસુ-સસરા, સુરેશભાઈ, ચંદ્રાબહેન અને બે નાના દિયર એમ છ લોકો રહેતા. પાણીના નળથી માંડી સંડાશ પણ કોમન. ઘરની બહાર ઘૂમટો તાણી નિકળવું પડતું. મિલ બંધ થતાં સસરા બેકાર બન્યા. પતિ કંઈજ કમાતા ન હતા. છેવટે સુરેશભાઈએ છૂટક કામ કરવા માંડ્યા. ચંદ્રાબહેને વિવિધ ક્રાફ્ટ્સ બનાવી વેચવાની શરૂઆત કરી. ભારે સંઘર્ષ અને વિકટ પરિસ્થિતિમાં બે વર્ષ પુરા થયા. ચંદ્રાબહેનના પતિને ગાંધીનગરમાં નોકરી મળી, રહેવા ક્વાર્ટર મળતાં તેઓ ગાંધીનગર આવ્યા. સાસુ-સસરાના પ્રોત્સાહનથી નોકરી મળી. સમય જતાં તેઓ બે પુત્રોની માતા બન્યા. પુત્રો મોટા થતાં ગાંધીનગરની આર્ટસ કોલેજમાં એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે અભ્યાસ ચાલુ કરી, બી.એ. થયા. એમ.એ. થયા. ડૉક્ટર ઓફ નેચરોપથીની પદવી મેળવી.

દરમિયાનમાં ચંદ્રાબહેન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સંપર્કમાં આવ્યા. તેમણે કોંગ્રેસ પક્ષમાંથી ચંદ્રાજીને ચૂંટણી લડવાની સલાહ આપી. અને ૧૯૮૫ માં સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા વિસ્તારમાંથી તેઓ ચૂંટણી લડ્યા. વિજય બન્યા. ગુજરાત ગરૂ બ્રાહ્મણ સમાજના એક માત્ર મહિલા ધારાસભ્ય બન્યા. ૧૯૮૫ થી ૧૯૯૦ ના ગાળામાં તેમણે સમાજસેવા કરી. ભારતના મુખ્ય શહેરો, તીર્થધામો તથા નેપાળનો પ્રવાસ ખેડ્યો. દરમિયાનમાં તેમણે વાર્તાઓ લખવાનું ચાલુ રાખ્યું. ગુજરાતના સાહિત્યપ્રેમી માજી મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીની સલાહથી તેમણે રાજકારણ છોડીને લેખન તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું. તેમના પતિ સુરેશભાઈ પણ ડીટીસી થયા.

૧૯૮૫ માં તેમની પ્રથમ વાર્તા ‘ચણીબોર’ને મુંબઈના ગુજરાતી અખબાર ‘સમકાલિન’ની વાર્તા-સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક રૂપે રૂ. ૭૦૦૧ રોકડ ઈનામ પ્રાપ્ત થયું હતું. ૧૯૯૩ માં તેમનું ગઝલ-સંપાદનનું પુસ્તક ‘ગોરંભો’ બહાર પડ્યા બાદ, ૧૯૯૮ માં તેમનો વાર્તા-સંગ્રહ ‘ચણીબોર’ અને બીજી વાર્તાઓ પ્રસિદ્ધ થયો હતો.

ત્યાર બાદના તેમના મુખ્ય પ્રકાશનો આ મુજબ છે : ‘માનો પ્રતાપ’ (ભક્તિ રચના સંગ્રહનું સંપાદન કુ. વીણાબહેન શ્રીમાળી સાથે-૨૦૦૦), ‘મિજાજ’ (કાવ્ય સંગ્રહ-૨૦૦૧), ‘ચકુનોવર’ (વાર્તાસંગ્રહ-૨૦૦૩), ‘વલોફ (કાવ્યસંગ્રહ-૨૦૦૭), ‘ચૂડલાકરમ’ (વાર્તાસંગ્રહ-૨૦૦૯), **‘Small Berres and other Stories** (અનુવાદક : હિંમતસિંહ વાઘેલા) અને **Gujrati Dalit Short Stories**(અનુ: અતુલકુમાર પરમાર)

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓમાં પરિચિત ડૉ. ચંદ્રાબહેન શ્રીમાળીના લેખન પર ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ગુલાબદાસ બ્રોકર, સરદબાબુ રાધેશ્યામ શર્મા, મૈત્રેયી દેવી, અમૃતા પ્રિતમ, રજનીકુમાર પંડ્યાના સાહિત્યનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. તેમના વ્યક્તિગત પુસ્તકાલયમાં ૪૦૦ જેટલા પુસ્તકો સંગ્રહસ્થ છે.

૧૯૯૯ માં ગુજરાત રાજ્ય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી ચંદ્રાબહેનને ‘નરસિંહ મહેતા એવોર્ડ’. એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. એ જ વર્ષે પત્રકારત્વ માટે તેમને ‘અશોક હર્ષ ચાંદની એવોર્ડ’ એનાયત થયો હતો. દિલ્હીની ભારતીય દલિત સાહિત્ય અકાદમી દ્વારા તેમને ડૉ. બાબાસાહેબ આંબેડકર ફેલોશીપ એનાયત થઈ હતી.

તેમના ‘ગોરંભો’ ગઝલસંગ્રહ સંપાદન માટે તેમને મુંબઈની ‘કલા-ગુર્જરી’ સંસ્થાનું બીજું ઈનામ પ્રાપ્ત થયું હતું.

‘દિવ્યભાસ્કર’.. દૈનિક આયોજીત ‘ભાસ્કર વુમન ઓફ ધ યર-૨૦૧૦ સ્પર્ધામાં ચંદ્રાબહેન શ્રીમાળી પ્રથમ સ્થાને આવ્યા હતા અને તેમને બે એવોર્ડ્સ (૧) મહિલા લેખિકા અને (૨) ફેમિલી આઈડોલ-એનાયત થયા હતા. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી મહિલા સાહિત્યકાર-૨૦૧૦નો ‘સાવિત્રીબાઈ ફૂલે એવોર્ડ’ તથા રૂપિયા ૧૦ હજારનું રોકડ ઈનામ એનાયત થયા હતા. સમાજ કલ્યાણમંત્રીના હસ્તે શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર તરફથી ૨૦૧૧માં વિશ્વ મહિલા દિન નિમિત્તે ‘વુમન એચીવર્સ એવોર્ડ’ તેમને એનાયત થયો હતો.

ડૉ. ચંદ્રાબહેન શ્રીમાળી એક ઉત્તમ ચિત્રકલાકાર છે. તેમને પેઈન્ટીંગ કરવા, સંગીત સાંભળવું, વોલપીસ બનાવવા, મહેંદી મુકવી વગેરે ગમે છે. આ ઉપરાંત તેમને નવરાત્રીમાં ગરબે ગૂમવાનો, ગાવાનો, જુની ફિલ્મોના ગીતો ગાવાનો, સાંભળવાનો, રાયફલ શૂટીંગનો શોખ છે.

આકાશવાણી અમદાવાદ પરથી વાર્તાપઠન અને આકાશવાણી ભૂજ પરથી મહિલા જાગૃતિ અંગે તેમનો વાર્તાલાપ પ્રસારીત થઈ ચુક્યો છે. અમદાવાદ દૂરદર્શન પરથી તેમણે કવિ સંમેલનમાં ભાગ લીધો હતો.

૨૦૧૦માં બુદ્ધ ફાઉન્ડેશનના ઉપક્રમે ચંદ્રાબહેન શ્રીમાળીએ લંડનનો પ્રવાસ ખેડીને ‘નારી સમસ્યા અને શિક્ષણ’ વિષયક સેમીનારમાં ભાગ લીધો હતો. તેમણે પોન્ડીચેરી ખાતે પણ સ્પેરોની મહિલા લેખિકાઓની કોન્ફરન્સમાં ભાગ લઈ રવિન્દ્રનાથ ટાગોરના નાટક ‘ચાંડાલિકા’ વિશે વક્તવ્ય આપ્યું હતું.

ડૉ. ચંદ્રાબહેન અને સુરેશભાઈ શ્રીમાળીના લગ્ન ૧૯૬૬માં થયા હતા. સુરેશભાઈ ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના ‘પીડબલ્યુડી’માં નોકરી કરતા હતા અને ૩૬ વર્ષના સુખી-આનંદી દાંપત્યજીવન બાદ ૨૦૦૨માં ત્રીજી જાન્યુઆરીના રોજ હાઈબીપીના એટેકના કારણે સુરેશભાઈ શ્રીમાળીનું નિધન થયું હતું અને ચંદ્રાબહેન પારાવાર ભાંગી પડ્યા હતા. ચંદ્રાબહેનનો મોટો પુત્ર ભાર્ગવ સ્વર્ગસ્થ પિતાજીના સ્થાને પીડબલ્યુડીમાં કામ કરે છે, જ્યારે નાનો પુત્ર હિમાંશુ સરકારી હોસ્ટેલ - ‘ચાહના કુમાર છાત્રાલય’માં ગૃહપતિ તરીકે ફરજ બજાવે છે.

ડૉ. ચંદ્રાબહેન શ્રીમાળી હાલમાં પોતાની આત્મકથા ‘મારી કથા - તારી વ્યથા’ લખવામાં વ્યસ્ત છે. તેમણે એક વાર્તા સંગ્રહ ‘બહારો ફૂલ બરસાવો’ પણ તૈયાર કર્યો છે.